# તંત્રી લેખ......

## સરકારી શાળાઓની ગુણવત્તાનો પ્રશ્ન

દેશનું શિક્ષણ હાલમાં દરેક સ્તરે બે વિભાગોમાં વહેંચાયેલું છે: સરકારી અને ખાનગી. સરકાર પાસે સંસાધનોનો અભાવ છે, તેથી તેણે શિક્ષણમાં ખાનગી રોકાણને પ્રોત્સાહન આપવું પડશે. સમાજનો જે વર્ગ સૌથી વધુ શિક્ષણની જરૂર છે તે સરકારી શાળાઓ પર નિર્ભર છે. તેઓ મજબૂરીથી આ સ્વીકારી રહ્યા છે, કારણ કે તેમની ગુણવત્તા અને વિશ્વસનીયતા આજે પ્રશ્નાર્થમાં છે. નિયમિત સરકારી સેવામાં કાર્યરત અને સમૃદ્ધ દરેક વ્યક્તિ પોતાના બાળકોને નિયમિત સરકારી શાળાઓને બદલે ખાનગી શાળાઓમાં મોકલવાનું પસંદ કરી રહ્યો છે. અહીં બે વર્ગો ઉભરી આવ્યા છે. સરકારી સહાયિત યુનિવર્સિટીઓમાં પ્રવેશ માટેની સ્પર્ધા એટલી તીવ્ર બની ગઈ છે કે કોચિંગ સંસ્થાઓમાં હાજરી આપવી એ એક આવશ્યકતા છે. કોચિંગ એ શુદ્ધ વ્યવસાય છે. જે પરિસ્થિતિઓ હેઠળ સંવેદનશીલ ઉંમરના યુવાનો અહીં આવે છે, રહે છે અને અભ્યાસ કરે છે તે તણાવ, ચિંતા અને ચિંતાના અસ્વીકાર્ય સ્તરો બનાવે છે. ધોરણ ૧૧ અને ૧૨ ના વિદ્યાર્થીઓએ બોર્ડ પરીક્ષાઓની તૈયારી કરવી પડે છે. જો તેઓ લઘુત્તમ ગુણ પ્રાપ્ત કરવામાં નિષ્ફળ જાય છે, તો તેઓ આગળની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં બેસવા માટે સમર્થ રહેશે નહીં. પછી તેમને મેડિકલ, એન્જિનિયરિંગ અથવા અન્ય વ્યાવસાયિક સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવી પડે છે, કોચિંગમાં ભાગ લેવો પડે છે અને લગભગ દરરોજ સ્પર્ધામાં આગળ રહેવાની જવાબદારીનો સામનો કરવો પડે છે. આમાં તેમના માતાપિતાની અપેક્ષાઓ અને આશાઓનું સતત વધતું દબાણ ઉમેરવામાં આવ્યું છે.

બીજી બાજુ, સમાજમાં નૈતિકતામાં સતત વધતી જતી શિથિલતા અને સિસ્ટમમાં પ્રામાણિકતાના અભાવે પેપર લીકનું એક જાળું બનાવ્યું છે, જેનો કોઈ ઉકેલ આવવાનો નથી. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે છેતરપિંડી અને પેપર લીકમાં સામેલ કેટલાક માફિયાઓ દાયકાઓથી આમાં સામેલ છે અને સરકારી તંત્ર અને ન્યાયિક પ્રણાલીની મજાક ઉડાવી રહ્યા છે. કોઈને વિશ્વાસ નથી કે સરકારી તંત્ર ભવિષ્યમાં નિયમો લાગુ કરી શકશે. આ જોડાણ એટલું મજબૂત છે કે સામાન્ય વ્યક્તિ માટે તેને તોડવું અશક્ય લાગે છે. છેતરપિંડી માફિયાઓ, સોલ્વર ગેંગ્સ, પેપર લીક વગેરે બધું શિક્ષિત લોકો દ્વારા ચલાવવામાં આવે છે અને નિર્દેશિત કરવામાં આવે છે. આ સમસ્યાઓના તાત્કાલિક ઉકેલો શોધવા જરૂરી છે, પરંતુ શિક્ષણ પ્રણાલીની વિશ્વસનીયતા પુનઃસ્થાપિત કરવા માટે લાંબા ગાળાના પગલાં લેવાની જરૂર પડશે. પ્રામાણિકતામાં ઘટાડો અને નૈતિકતા પુસ્તકો સુધી મર્યાદિત થવા તરફ દોરી ગયેલા સંજોગોનું પ્રામાણિકપણે વિશ્લેષણ કરીને જ આ શક્ય છે.

બંધારણના ઘડવૈયાઓએ ૧૪ વર્ષની ઉંમર સુધીના દરેક બાળક માટે ફરજિયાત અને મફત શિક્ષણ ફરજિયાત બનાવ્યું હતું. જો બધી સરકારોએ શરૂઆતથી જ આ જવાબદારી નિભાવી હોત, બધા બાળકોને સમાન શૈક્ષણિક તકો પૂરી પાડવાની ભાવનાને વ્યવહારુ આકાર આપ્યો હોત, તેમની જવાબદારી સ્વીકારી હોત, અને તેના માટે સંસાધનો પૂરા પાડ્યા હોત, ખાતરી કરી હોત કે બધા વર્ગ અને આર્થિક સ્થિતિના બાળકો એક જ શાળામાં સાથે અભ્યાસ કરે, તો આજે આ પરિસ્થિતિ ઊભી ન થાત. જો સરકારોએ આમ કર્યું હોત, તો સમાજ પહેલ કરી હોત. સંસાધનોનો અભાવ થોડા વર્ષોમાં આપમેળે ઉકેલાઈ ગયો હોત. સરકારી શાળાઓ પ્રત્યેની ઘોર બેદરકારી, બિન-શૈક્ષણિક કાર્યમાં શિક્ષકોની નિષ્ક્રિયતા અને નિયમિત નિમણૂકો કરવામાં નિષ્ફળતા એ કેટલાક અક્ષમ્ય નિર્ણયો છે જેની અસરને ઓછી કરવી અને અટકાવવી આવશ્યક છે. જો કે, શિક્ષણ નીતિ ૨૦૨૦ એ આશાસ્પદ વિકાસ લાવ્યો છે: નીતિનિર્માણ ભારતીય સંસ્કૃતિના પ્રકાશમાં હાથ ધરવામાં આવ્યું છે અને ભારતીય જ્ઞાન પરંપરાના મહત્વને સ્વીકારવામાં આવ્યું છે. આ અત્યંત સંવેદનશીલ ક્ષેત્રો છે; તેમને યોગ્ય મહત્વ આપ્યા વિના, શિક્ષણમાં સાચી સમાનતા તરફ પ્રગતિ મુશ્કેલ બનશે.

# ચૂંટણીઓ જીતવાની ભાજપની ફોર્મ્યુલા આમ આદમી પાર્ટીએ ચોરી લીધી?

## ૭ જુલાઈ એ જ પત્તા ખોલી નાંખ્યા: દોઢ વરસ પહેલા ૬૬ બેઠકો લોક કરી દીધી

### આમ આદમી પાર્ટીના નેતાઓને ચુંટણીઓ જીતવાની સોંપાઈ કમાનઃ આમ આદમી પાર્ટીનો આ માસ્ટર સ્ટ્રોક કહેવાય છે

પ્રતિનિધિ,ગાંધીનગર

એવુ કહેવાય છે કે ૨૦૨૭ની ચુંટણી પહેલા ચુંટણી જીતવાની ભાજપની ફોર્મ્યુલા આમ આદમી પાર્ટીએ ચોરી લીધી છે ? ૭ જુલાઈ એ જ એને પત્તા ખોલી નાંખ્યા છે અને દોઢ વરસ પહેલા ૬૬ બેઠકો લોક કરી દીધી છે.

ગુજરાતમાં હાલમાં મેઘરાજા ધમાકેદાર બેટીંગ કરી રહ્યા છે. સુરત સહિત આખુ રાજય પાણીમાં તરબોતર છે. વિપક્ષ તરીકે કોંગ્રેસ હજુ આક્ષેપોની રાજનીતીમાં વ્યસ્ત છે અને સત્તાધારી ભાજપ વહિવટી તંત્ર સાથે પુરની સ્થિતિને સંભાળવામાં અટવાયેલી છે. પરંતુ આ બધાની વચ્ચે આમ આદમી પાર્ટીએ પડદા પાછળ એક એવો ખેલ ખેલ્યો છે. જેણે ગુજરાતના રાજકારણમાં ગરમાવો લાવી દીધો છે. ચુંટણીની રણનીતી ઘડવામાં ભાજપને કોઈ ન પહોચી શકે પણ આ વખતે આમ આદમી પાર્ટીએ ભાજપ કરતા બે ડગલા આગળ વધીને ચોંકાવનારો માસ્ટર સ્ટ્રોક માર્યો છે. આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રભારી ગોપાલ રાય, પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી અને પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાના માર્ગદર્શન હેઠળ આ આખી યાદી તૈયાર કરાઈ છે. આ યાદીમાં માત્ર સામાન્ય કાર્યકરો નહી પણ પાર્ટીના ટોચના ચહેરાઓ જેવા કે ઈસુદાન ગઢવી, ગોપાલ ઈટાલીયા, ચૈતર વસાવા અને હેમંત ખવા જેવા દિગ્ગજોને અત્યાર થી જ પોત પોતાના ક્ષેત્રમાં મોરચો સંભાળવા આદેશો છુટયા છે.




સામાન્ય રીતે ચુંટણીના ૨-૩ મહિના પહેલા ઉમેદવારો જાહેર થતા હોય છે. જેના કારણે પ્રચારનો પુરો સમય મળતો નથી. આમ આદમી પાર્ટીએ ૬૬ બેઠકો પર દોઢ વરસ પહેલા જ નામો નકકી કરીને ઉમેદવારોને જનતા વચ્ચે જવાનો મોકો આપ્યો છે. લોકસંપર્ક કરવાનો અને બુથ સ્તર સુધી સંગઠન મજબુત કરવાનો પુરો મોકો આપી દીધો છે. ભાજપ હંમેશા ૨૪ કલાક ઈલેકશન મોડમાં રહેવા માટે જાણીતુ છે. આ વખતે આમ આદમી પાર્ટીએ પણ એ જ રસ્તો અપનાવ્યો છે. જયારે ભાજપ સરકાર હાલ પુર અને વહિવટી કામોમાં વ્યસ્ત છે. ત્યારે આમ આદમી પાર્ટીએ શાંતિથી પોતાનુ નિશાન સાધી લીધુ છે. ૧૮૨ માં થી ૬૬ મજબુત બેઠકો લોક કર્યા બાદ હવે બાકીની બેઠકો પર પણ ટુંક સમયમાં જાહેરાત થઈ શકે છે. હવે જોવાનુ એ રહેશે કે આમ આદમી પાર્ટીની આ એડવાન્સ બ્લુ પ્રિન્ટ ભાજપના ગઢમાં કેટલુ ગાબડુ પાડી શકે છે પણ એક વાત તો નકકી છે કે આમ આદમી પાર્ટીએ અત્યારથી જ લડાઈનુ રણશીંગુ ફુંકી દીધુ છે.

ચુંટણીની રાજનીતીમાં ભાજપ હંમેશા આગળ રહે છે. પણ આ વખતે ઈસુદાન ગઢવી, ગોપાલ ઈટાલીયા અને ચૈતર વસાવાની ત્રિપુટીએ ભાજપ કરતા પણ વહેલા પત્તા ખોલીને ચોંકાવી દીધા છે. દોઢ વરસ પહેલા ઉમેદવાર નકકી થવાનો મતલબ છે. બુથ લેવલ સુધી પકકડ મજબુત કરવી, આ પ્રભારીઓને કહી દેવાયુ છે કે સંગઠન બનાવો અને મજબુત કરો. હજુ દોઢ વરસનો સમય છે. આમ આદમી પાર્ટીએ ૬૬ શહેરોના પ્રભારીઓને જવાબદારી સોંપવામાં આવી છે.

અમરેલી- નિકુંજભાઈ સાવલીયા (૨) અંકલેશ્વર- નિતીનભાઈ વસાવા (૩) બાયડ- મહેશ પટેલ (૪) બેચરાજી- ભાવેશ પટેલ (૫) ભરૂચ- પીયુષ પટેલ (૬) ભાવનગર- પશ્ચિમ મહિપાલસિંહ ઝાલા (૭) બોટાદ- પરશોત્તમભાઈ રાઠોડ (૮) છોટા ઉદેપુર- વિજજુભાઈ રાઠવા (૯) દાહોદ- ડો. દિનેશ મુનિયા (૧૦) દાંતા -રાજેશકુમાર દામા (૧૧) દસ્ક્રોઈ- ઠાકોર અમૃત કાળુજી (૧૨) ડેડીયાપાડા -ચૈતર વસાવા (૧૩) ડીસા- રાજેશ જી ઠાકોર (૧૪) ધંધુકા- કાનજીભાઈ ગટોરભાઈ વાળા (૧૫) ધાંગધ્રાં -ડો. કિરીટસિંહ રાણા (૧૬) ધરમપુર- કમલેશભાઈ પટેલ (૧૭) ધારી -કાંતિભાઈ સતાસીયા (૧૮) દ્વારકા- રૂપાભાઈ આંબલીયા (૧૯) ફતેપુરા- રાજુભાઈ વળવાઈ (૨૦) ગણદેવી- પંકજ પટેલ (૨૧) ગરબાડા- કેતનકુમાર બામણીયા (૨૨) ગોંડલ- જિગ્નાબેન પટેલ (૨૩) -હાલોલ- રામચંદ બારીયા (૨૪) ઈડર- જયંતિભાઈ પ્રણામી (૨૫) જામ જોધપુર- હેમંત ખવા (૨૬) જામનગર- ગ્રામ્ય પ્રકાશ પીરૂભાઈ દોંગા (૨૭) જસદણ- બ્રિજરાજસિંહ સોલંકી (૨૮) છોટા ઉદેપુર- રાધિકા રાઠવા (૨૯) ઝઘડીયા- રજનીકાંત વસાવા (૩૦) કાલાવાડ- ડો. કલ્પેશ મકવાણા (૩૧) કામરેજ- રામભાઈ ધડુક (૩૨) કાંકરેજ- પ્રભાતસિંહ સોલંકી (૩૩) કપરાડા- ગુલાબભાઈ નાનાભાઈ પટેલ (૩૪) ખંભાળીયા- ઈસુદાન ગઢવી (૩૫) ખેડબ્રહ્મા -બિપીનચંદ્ર ગામેતી (૩૬) ખેરાલુ -આશાબેન ઠાકોર (૩૭) લીંબાયત- પંકજ તાયડે (૩૮) લીમડી મયુરભાઈ સાકરીયા (૩૯) લીમખેડા નરેશભાઈ બારીયા (૪૦) મહુવા (સુરત) કુંજનભાઈ પટેલ (૪૧) માણાવદર- રાજુભાઈ બોરખતરીયા (૪૨) માંડવી-(સુરત) સાયનાબેન રૂરત્તમભાઈ ગામીત (૪૩) માંગરોળ (જુનાગઢ)- પીયુષ પરમાર (૪૪) માંગરોળ (સુરત)- સ્નેહલ વસાવા (૪૫) મોડાસા - રાજેન્દ્રસિંહ પરમાર (૪૬) મોરબી- પંકજ રાણસરીયા (૪૭) નાંદોદ- નિરંજનભાઈ વસાવા (૪૮) નિકોલ -જીગરભાઈ કાછડીયા (૪૯) પ્રાંતિજ- હિતેન્દ્રસિંહ પરમાર (૫૦) રાધનપુર- ગોવિંદભાઈ ઠાકોર (૫૧) રાજકોટ - પૂર્વ રાહુલ ભુવા (૫૨) રાજકોટ- ગ્રામ્ય નરેન્દ્રભાઈ રાઠોડ (૫૩) રાજુલા- રાજુભાઈ સોલંકી (૫૪) સંખેડા- નાનાભાઈ કાંતિભાઈ ભીલ (૫૫) સંતરામપુર- બાબુભાઈ ડામોર (૫૬) સોજીત્રા -વિજયભાઈ બારૈયા (૫૭) તળાજા -માવજીભાઈ બાલધીયા (૫૮) તલાલા -દેવેન્દ્ર સોલંકી (૫૯) ઠકકરબાપાનગર -મિનાક્ષીબેન પટેલ (૬૦) ઉધના -વિલાસભાઈ પાટીલ (૬૧) ઉના -સેજલબેન ખુંટ (૬૨) વાગરા- નોકલ એમુભાઈ પટેલ (૬૩) વરાછા રોડ- રજનીભાઈ વાઘાણી (૬૪) વિસાવદર -ગોપાલ ઈટાલીયા (૬૫) વઢવાણ- વિક્રમ દવે (૬૬) વાંકાનેર -અજીત લોખીલ

આમ આદમી પાર્ટીએ ૬૬ પ્રભારીઓની જાહેરાત તો કરી દીધી છે. પણ આપણે એ પણ ભુલવુ ન જોઈએ કે ચુંટણીઓ ફકત પ્રભારી બનાવી દેવાથી જીતી શકાતી નથી. હાલમાં ગુજરાત વિધાનસભાની ફાઈનલ પહેલા સેમી ફાઈનલ એટલે સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ ગઈ એમાં ત્રણેય પાર્ટીઓનુ શું વર્ચસ્વ રહ્યુ એ પણ તમારે જાણવુ અને સમજવુ જરૂરી છે.

'વિકસિત ગુજરાત ડેટા સેન્ટર પોલિસી ૨૦૨૬-૨૯'

# ગુજરાતને દેશનું અગ્રણી ડેટા સેન્ટર હબ બનાવવાના સંકલ્પ સાથે 'વિકસિત ગુજરાત ડેટા સેન્ટર નીતિ ૨૦૨૬-૨૯' જાહેર કરતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે 'વિકસિત ગુજરાત ડેટા સેન્ટર પોલિસી ૨૦૨૬-૨૯'નું લોન્ચિંગ કરતા જણાવ્યુ કે, આ પોલિસી દ્વારા ગુજરાત દેશમાં ડેટા સેન્ટર સ્થાપના માટે બેસ્ટ ડેસ્ટિનેશન બનશે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યુ કે, ભારત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી નેતૃત્વમાં વિશ્વના સૌથી મોટા ડેટા યુઝર અને ડેટા ઉત્પાદક દેશોમાં સ્થાન મેળવી રહ્યું છે. ડિજિટલ યુગમાં ડેટા સૌથી મહત્વપૂર્ણ અને પાયાની સંપત્તિ બની ગયો છે. ડેટા જ વિકસિત ભારતના આર્થિક વિકાસનો નવો આધાર બનીને ડિજિટલ અર્થવ્યવસ્થાને નવી દિશા આપી રહ્યો છે.

રાજ્ય સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગે તૈયાર કરેલી આ વિકસિત ગુજરાત ડેટા સેન્ટર પોલિસી ૨૦૨૬-૨૯નો લોન્ચિંગ સમારોહ ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી, સાયન્સ એન્ડ ટેક્નોલોજી મંત્રી શ્રી અર્જૂન મોઢવાડિયા, મુખ્ય સચિવ શ્રી એમ.કે.દાસ તેમજ ઉદ્યોગ-વેપાર જગતના અગ્રણીઓની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

મુખ્યમંત્રીશ્રીએ આ સમારોહમાં જણાવ્યું કે ડિજિટલ ઈકોનોમી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ક્લાઉડ કમ્પ્યુટિંગ, ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદન જેવા ઈમર્જિંગ સેક્ટર્સને નવી ગતિ મળી છે તેમજ વર્લ્ડ ક્લાસ ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટે વિશાળ તકો ઉભી થઈ છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આ વર્ષના કેન્દ્રીય બજેટમાં દેશને ક્લાઉડ અને એ.આઈ. ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે ગ્લોબલ હબ બનાવવા માટે મહત્વપૂર્ણ જોગવાઈઓ કરવામાં આવી છે. સાથે જ ડેટા સેન્ટર ઈન્ફ્રાસ્ટ્રક્ચરની વૈશ્વિક કામગીરી માટે પ્રદાતાઓને ૨૦ વર્ષનો ટેક્સ હોલીડે આપવામાં આવ્યો છે, તે આ ક્ષેત્રના વિકાસ માટે પ્રેરકબળ બનશે તેમ પણ તેમણે ઉમેર્યુ હતું.



મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ગુજરાત આજે દેશની ડિજિટલ વ્યવસ્થામાં મહત્વના પ્લેયર તરીકે ઉભરી રહ્યું છે. એ.આઈ. આધારિત ટેક્નોલોજીના ઝડપી વિકાસ સાથે સ્કેલેબલ ડેટા સ્ટોરેજ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની માંગ સતત વધી રહી છે. આ વધતી માંગને ધ્યાનમાં રાખીને તેમજ રાજ્યમાં ડિજિટલ ઈકોનોમીને વધુ મજબૂત બનાવવા માટે રાજ્ય સરકારે આ 'વિકસિત ગુજરાત ડેટા સેન્ટર પોલિસી ૨૦૨૬-૨૯' અમલમાં મૂકી છે.

આ નવી પોલિસી દ્વારા રાજ્યમાં ક્લાઉડ સર્વિસિસ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ડિજિટલ ટ્રાન્ઝેક્શન, ઈ-કોમર્સ પ્લેટફોર્મ, સ્માર્ટ મેન્યુફેક્ચરિંગ સિસ્ટમ્સ અને ડિજિટલ ગવર્નન્સ જેવી સેવાઓને વધુ સક્ષમ અને ગતિશીલ બનાવી શકાશે તેવો વિશ્વાસ તેમણે દર્શાવ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે રાજ્ય સરકાર લોંગ ટર્મ અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ માટે કટિબદ્ધ છે, તે આ પોલિસીમાં સ્પષ્ટ જોવા મળે છે. વિકસિત ગુજરાત ડેટા સેન્ટર પોલિસી માત્ર રાજ્યના જ નહીં, પરંતુ દેશના ન્યુ જનરેશન ડિજીટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટને વેગ આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આગામી સમયમાં આવી નવી ટેક્નોલોજી અને ઈનોવેશન રાજ્યના અર્થતંત્રનું બેકબોન સાબિત થશે એમ પણ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ હતુ.

★નાયબ મુખ્યમંત્રીશ્રી

નાયબ મુખ્યમંત્રી મંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનરી નેતૃત્વમાં ગુજરાત ભરોસાની વૈશ્વિક બ્રાન્ડ બન્યું છે.

શ્રી સંઘવીએ દેશમાં સેમિકન્ડક્ટર અને ડેટા ક્ષેત્રે ભૂતકાળમાં મળેલી નિષ્ફળતાઓનો ચિતાર આપતાં જણાવ્યું હતું કે, ૧૯૭૬થી ૨૦૦૯ સુધી દેશમાં અનેક વચનો અને જાહેરાતો થઈ પરંતુ પ્રોજેક્ટ્સ જમીન પર ન ઉતરી શક્યા. વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન હેઠળ વર્ષ ૨૦૨૧માં સેમિકન્ડક્ટર મિશન શરૂ થયું. માત્ર ૪ મહિનાના ટૂંકા ગાળામાં ગુજરાતે ૩થી વધુ સેમિકન્ડક્ટર ઓસેટ (OSAT) પ્લાન્ટના લોકાર્પણ કરીને પોતાની ક્ષમતા સાબિત છે.

ધોલેરાની ક્ષમતા વિશે નાયબ મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, માત્ર ધોલેરામાં જ પોલિસીની ક્ષમતા કરતાં બમણી ડિમાન્ડ છે, જેના પરિણામે ધોલેરા વિશ્વનું સૌથી મોટું 'ડેટા સેન્ટર સિટી' બનશે.

ડેટા સેન્ટર સ્થાપવાની સાથે સાથે આગામી સમયમાં ધોલેરાને ગ્લોબલ કેપેબીલીટી સેન્ટર્સ (GCC)નું હેડક્વાર્ટર બનાવવાની દિશામાં પણ સરકાર સક્રિયપણે કામ કરી રહી છે. ધોલેરાની કનેક્ટિવિટી વધારવા ટૂંક સમયમાં જ નવું એરપોર્ટ કાર્યરત થશે અને અમદાવાદથી ધોલેરા વચ્ચે સેમી-હાઈસ્પીડ ટ્રેન પણ શરૂ થવા જઈ રહી છે. ગુજરાત સરકારની વિશ્વસનીયતા એટલી મજબૂત છે કે પોલિસી આજે લોન્ચ થઈ છે, પરંતુ પોલિસીની ૭.૫ ગીગાવોટની ક્ષમતા સામે દેશ અને દુનિયાની લીડિંગ કંપનીઓએ તેના કરતાં બમણી ક્ષમતાની ડિમાન્ડ સાથેના રિક્વેસ્ટ લેટર્સ સરકારને મળી ચૂક્યા છે.

ડેટા સેન્ટરમાં વીજળી અને પાણીની જરૂરિયાત મહત્તમ હોય છે. આ પોલિસી હેઠળ ડેટા સેન્ટરોમાં વપરાતી કુલ ઉર્જામાંથી ૫૧ ટકા ઉર્જા ફરજિયાતપણે ગ્રીન એનર્જી જ વાપરવી પડશે.

આ ઉપરાંત ખેડૂતો કે અન્ય ઉદ્યોગોના ભોગે નહીં, પરંતુ દરિયાના પાણીને મીઠું કરવા માટેના ડીસેલીનેશન પ્લાન્ટ પર ભાર મૂકીને પાણી પુરવઠો આપવામાં આવશે.

સરકારી પ્રક્રિયામાં વિલંબ નિવારવા માટે આગામી દિવસોમાં સ્ટેકહોલ્ડર્સ કન્સલ્ટેશન મીટિંગ યોજી રોકાણકારોને લેન્ડ પોકેટ્સ બતાવવામાં આવશે. ધોલેરામાં રોકાણ કરવા ઈચ્છતી કંપનીઓ માટે હેન્ડ-હોલ્ડિંગ કરવા અને ડે-ટુ-ડે પ્રક્રિયા સરળ બનાવવા સીનિયર નોડલ ઓફિસર્સની નિમણૂક પણ કરવામાં આવશે. અંતમાં શ્રી સંઘવીએ વૈશ્વિક હાઈપરસ્કેલ તથા AI ક્ષેત્રના તમામ રોકાણકારોને ગુજરાતમાં રોકાણ માટે આમંત્રિત કરીને ડેટા સેન્ટર ક્ષેત્રે ગુજરાત દેશભરમાં મોખરે રહેશે, તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

★સાયન્સ એન્ડ ટેકનોલોજી મંત્રીશ્રી

સાયન્સ એન્ડ ટેક્નોલોજી મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, નવી "વિકસિત ગુજરાત ડેટા સેન્ટર પોલિસી"ના પરિણામે ગુજરાત AI અને ડેટા સેન્ટર ક્ષેત્રે ગ્લોબલ લીડર બનશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતને કુલ ૧૦ ગીગાવોટ ક્ષમતાના ડેટા સેન્ટરના પ્રસ્તાવો મળ્યા છે. જેમાંથી ૮ ગીગાવોટ સુધીની ક્ષમતા વિકસાવવાનું રાજ્ય સરકારનું આયોજન છે. આ માત્ર ડેટા સ્ટોરેજ પૂરતું મર્યાદિત નથી, પરંતુ આ સમગ્ર દેશ અને દુનિયા માટે એક સંપૂર્ણ AI ઈકોસિસ્ટમ તૈયાર કરવાનો એક ભાગ છે.

મંત્રીશ્રીએ વધુ વિગતો આપતાં કહ્યું હતું કે, હવેનો સમય આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ક્વોન્ટમ કમ્પ્યુટિંગનો છે, જે નવી વિકસતી અર્થવ્યવસ્થાનો મુખ્ય આધારસ્તંભ છે. ગુજરાતે આ નવી ક્રાંતિમાં 'પ્રાઈમ મૂવર' બનવાનો ઐતિહાસિક નિર્ણય લીધો છે. વૈશ્વિક પરિદ્રશ્ય અને વર્તમાન સમયમાં વૈશ્વિક ડેટા સેન્ટરની ક્ષમતાની સરખામણીએ ભારતે હજુ એક લાંબી સફર કાપવાની બાકી છે. આજે અમેરિકામાં અંદાજે ૫,૫૦૦ અને યુનાઈટેડ કિંગડમમાં ૫૦૦થી વધુ ડેટા સેન્ટર્સ છે, તેની સામે ભારતમાં માત્ર ૨૦૦ જેટલા જ ડેટા સેન્ટર્સ છે. અમેરિકાની ૩૦ ગીગાવોટ ક્ષમતા સામે ભારતની વર્તમાન ક્ષમતા માત્ર ૨ થી ૩ ગીગાવોટ છે અને આગામી પ્રોજેક્ટ્સને ગણતરીમાં લઈએ તો પણ આપણે ૦૫ ગીગાવોટને પાર કરી શકતા નથી.

સિંહ દર્શનની ઘેલછા ભારે પડી!

# અમરેલી જિલ્લાના લીલીયામાં સિંહના હુમલામાં યુવકનું મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરેલી

જિલ્લામાં સિંહ દર્શનના શોખીનો માટે એક ચોંકાવનારો અને લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે. લીલીયાના અંટાળીયા નજીક રેવન્યુ અને રિઝર્વ ફોરેસ્ટ બોર્ડર પર વન્યપ્રાણી અને માનવ વચ્ચે ઘર્ષણની એક અત્યંત દુખદ ઘટના બની છે. સિંહ દર્શનની ઘેલછામાં ત્રણ યુવકો સિંહની બિલકુલ નજીક પહોંચી ગયા હતા, જેમાંથી એક ૨૧ વર્ષીય યુવકને સિંહે ફાડી ખાધો છે. આ ઘટનાથી સમગ્ર પંથકમાં ખળભળાટ મચી ગયો છે. વન વિભાગની ટીમે ત્વરિત કાર્યવાહી કરીને હુમલો કરનાર એક સિંહને ટ્રાંક્વિલાઈઝ કરીને પાંજરે પૂરી દીધો છે.

ઘટનાની વિગતો મુજબ, અમરેલીના લીલીયા તાલુકાના અંટાળીયા રેવન્યુ વિસ્તાર, જે લુવારીયા રિઝર્વ ફોરેસ્ટની બિલકુલ નજીક આવેલો છે, ત્યાં સાંજના સાડા સાત થી આઠ વાગ્યાના સુમારે આ ઘટના ઘટી હતી. એક સિંહ બેલડી પોતાના મેટિંગ પિરિયડ (પ્રણય ક્રીડા) માં વ્યસ્ત હતી. આ દરમ્યાન અમરેલી શહેરથી આવેલા ત્રણ યુવકો સિંહ દર્શન કરવા અને સાવજ સાથે સેલ્ફી લેવાના પ્રયાસમાં સિંહોની સાવ નજીક પહોંચી ગયા હતા. સિંહોએ ઉશ્કેરાઈને યુવકો પર હુમલો કરી દીધો, જેમાં સોહીલ મેમણ (મુંજાવર) નામના ૨૧ વર્ષીય યુવકને સિંહ ઢસડીને દૂર સુધી લઈ ગયો હતો અને તેને મોતને ઘાટ ઉતાર્યો હતો.

ઘટનાની જાણ થતાં જ લીલીયા વન વિભાગ અને પોલીસની ટીમો સરકારી વાહનોના કાફલા સાથે તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગઈ હતી. ગુસ્સે ભરાયેલા સાવજો મૃતક યુવકના દેહ પર જ બેસી રહ્યા હતા. વન વિભાગની ટીમે ભારે જહેમત અને મહામુસીબતે સાવજોને ત્યાંથી દૂર ખદેડીને યુવકના મૃતદેહને મુક્ત કરાવ્યો હતો. આ ઘટનાને પગલે વન વિભાગ દ્વારા સ્થાનિક શંકાસ્પદ યુવકોની પણ પૂછપરછ શરૂ કરવામાં આવી રહી છે.

વનવિભાગ દ્વારા ૧ સિંહને ટ્રાન્ક્યુલાઈઝ કરીને પાંજરે પુરી દેવામાં આવ્યો છે. ઘટના બાદ શેત્રુંજી ડિવિઝન હ્રઝ્હ ચિરાગ અમીન રેન્જ ઓફિસ પહોંચ્યા હતા. તેમણે જણાવ્યું કે, એક સિંહને પાંજરે પુરી દેવામાં આવ્યો છે. આ ઘટનામાં સિંહો મેટિંગ પિરિયડમાં હતા. ત્યારે પજવણી અથવા ઉશ્કેરણી થઈ કે કયા કારણોસર આ ઘટના બની તેની ઊંડી તપાસ થશે.

છેલ્લા અંદાજે સવા મહિનામાં અમરેલી જિલ્લામાં સિંહ હુમલાની આ સાતમી ઘટના છે. અગાઉ બગસરા તાલુકાના ઘંટીયાળ, સાવરકુંડલાના જૂનાસાવર, રાજુલાના કોવાયા, ખાંભાના ચતુરી અને હવે લીલીયાના વીડી વિસ્તારમાં જીવલેણ હુમલાની ઘટનાઓ નોંધાઈ છે.

આ સાત ઘટનાઓમાં કુલ પાંચ લોકોના મોત થયા છે, જ્યારે બે અલગ-અલગ હુમલામાં બે વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયા હતા. રાજુલાના વડ ગામ અને સાવરકુંડલાના ઠવી ગામે થયેલા હુમલાઓમાં માનવ ઈજાઓ નોંધાઈ હતી.

ફાયરિંગ બાદ વિસ્તારમાં દહેશત

# સુરતમાં પૂર વચ્ચે પાંડેસરામાં સરેઆમ ફાયરિંગથી ચકચાર

### જૂની અદાવતમાં હવામાં બે રાઉન્ડ ગોળીબાર, આરોપી અવધેશ પાંડેને ઝડપી લેવા પોલીસની તપાસ તેજ

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરત શહેર એક તરફ ભારે વરસાદ અને પાણી ભરાવાની સમસ્યાનો સામનો કરી રહ્યું છે, ત્યારે બીજી તરફ પાંડેસરા વિસ્તારમાં સરેઆમ ફાયરિંગની ઘટનાએ ચકચાર મચાવી દીધી છે. પાંડેસરાના ગીતા નગર સોસાયટી વિસ્તારમાં આવેલા 'તેરે નામ રોડ' પર સાંજના સમયે હવામાં બે રાઉન્ડ ગોળીબાર થતાં સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો.

મળતી માહિતી મુજબ, ફાયરિંગની આ ઘટના જૂની અદાવતના કારણે બની હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. બે મહિના અગાઉ થયેલા છેડતીના વિવાદને લઈને આરોપી અવધેશ પાંડેએ રજનીકાંત શર્માને ડરાવવાના ઈરાદે દેશી તમંચામાંથી હવામાં બે રાઉન્ડ ફાયરિંગ કર્યુ હોવાનો આરોપ છે. ગોળીબારના અવાજથી વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. મહિલાઓ, બાળકો અને સ્થાનિક લોકો ભયના કારણે ઘરની બહાર દોડી આવ્યા હતા. કેટલાક લોકોએ ગભરાઈને પોતાના ઘરના દરવાજા બંધ કરી દીધા હતા. જાહેર રસ્તા પર ફાયરિંગની ઘટનાથી રહેવાસીઓમાં સુરક્ષાને લઈને ચિંતા વધી ગઈ છે.

ઘટના બાદ આરોપી હથિયાર લહેરાવતો સ્થળ પરથી ફરાર થઈ ગયો હોવાનું જાણવા મળ્યું છે. માહિતી મળતાં જ પાંડેસરા પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યો હતો. શહેર પોલીસના ઉચ્ચ અધિકારીઓએ પણ ઘટનાની ગંભીરતા ધ્યાનમાં લઈને સ્થળનું નિરીક્ષણ કર્યું હતું.

પોલીસે આરોપીને ઝડપી પાડવા માટે તપાસ શરૂ કરી છે. આસપાસના વિસ્તારોમાં નાકાબંધી કરવામાં આવી છે અને ઘટનાસ્થળ તથા નજીકના વિસ્તારોના સીસીટીવી ફૂટેજ પણ એકત્રિત કરવામાં આવી રહ્યા છે. આરોપી કઈ દિશામાં ફરાર થયો અને તેની સાથે અન્ય કોઈ વ્યક્તિ સંડોવાયેલી છે કે નહીં તે અંગે પણ તપાસ ચાલી રહી છે. સ્થાનિક રહેવાસીઓનું કહેવું છે કે વિસ્તાર પહેલેથી જ ભારે વરસાદ અને પાણી ભરાવાની સમસ્યાથી પરેશાન છે, ત્યારે જાહેરમાં થયેલી ફાયરિંગની ઘટનાએ લોકોમાં ભયનું વાતાવરણ ઊભું કર્યું છે. રહેવાસીઓએ પોલીસ પેટ્રોલિંગ વધારવા તેમજ વિસ્તારમાં અસામાજિક તત્વો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

ગરવી ગુજરાત




- એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# આ તો માત્ર ટ્રેલર છે પિકચર હજુ બાકી છેઃ ધોળકામાં ગેસ પાઈપ લાઈન મુદ્દે ખેડુતો સાથે વિરોધ દરમિયાન આમ આદમી પાર્ટી નેતાનો હુંકાર

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના સરગવાળા ગામમાં ગેસ પાઈપ લાઈનના કામને લઈને ખેડુતો અને વહિવટી તંત્ર વચ્ચેનો વિવાદ વધુ ઉગ્ર બન્યો છે. આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ બિજરાજસિંહ સોલંકીની આગેવાની હેઠળ ખેડુતો દ્વારા ખેતરોમાં નાંખવામાં આવેલી ગેસ પાઈપ લાઈન ટ્રેકટરની મદદથી બહાર ખેંચી કાઢવામાં આવી હોવાનો દાવો કરવામાં આવ્યો છે.



આમ આદમી પાર્ટીએ જારી કરેલી માહિતી અનુસાર ગુજરાત સ્ટેટ પેટ્રોલીયમ કોર્પોરેશન લીમીટેડ ની ગેસ ટ્રાન્સમિશન કંપની (જીએસપીએલ) દ્વારા ખેડુતોની સંમતિ વિના ખેતીની જમીનમાં ગેસ પાઈપ લાઈન નાંખવામાં આવી રહી હોવાનો ખેડુતો આક્ષેપ કરી રહ્યા છે. જો કે આ આક્ષેપ અંગે જીએસપીએલ અથવા જિલ્લા વહિવટી તંત્ર તરફથી તાત્કાલીક કોઈ સત્તાવાર પ્રતિક્રિયા જાહેર થઈ નથી. પાર્ટીના જણાવ્યા મુજબ સરગવાળા ગામના ખેડુતો છેલ્લા એક મહિનાથી આ મુદ્દે વિરોધ નોંધાવી રહ્યા હતા. ખેડુતોનો દાવો છે કે તેમણે કલેકટર, મામલતદાર અને અન્ય સંબંધિત અધિકારીઓને અનેક વખત લેખિત રજુઆતો કરી હતી. પરંતુ યોગ્ય કાર્યવાહી ન થતા તેમણે વિરોધનુ આ પગલુ ભર્યુ, ખેડુતોના જણાવ્યા પ્રમાણે ચોમાસાની ઋતુમાં વાવણી શરૂ થઈ હોવાથી ખેતરોમાં ટ્રેકટર ચલાવવામાં મુશ્કેલી પડી રહી હતી. આ કારણસર ટ્રેકટરની મદદથી જમીનમાં દબાયેલી પાઈપ લાઈન બહાર કાઢવામાં આવી હોવાનુ જણાવવામાં આવ્યુ છે. વિરોધ દરમિયાન આમ આદમી પાર્ટીના યુવા પ્રમુખ બ્રિજરાજસિંહ સોલંકીએ જણાવ્યુ હતુ કે આ તો માત્ર ટ્રેલર છે, પિકચર તો હજુ બાકી છે, તેમણે દાવો કર્યો કે ખેડુતોની લડાઈ માત્ર વળતરની નહી પરંતુ જમીન અને અસ્તિત્વ બચાવવાની છે. તેમણે વધુમાં કહ્યુ કે એક વિઘાના ૧૦ કરોડ રૂપીયા આપે તો પણ હવે અહી કામ થવા દેવામાં આવશે નહી, સોલંકીના જણાવ્યા મુજબ જો સંબંધિત કંપની પાઈપ લાઈન કાયમી ધોરણે દુર નહી કરે તો ખેડુતો ફરી વિરોધ કરશે.

સોલંકીએ એ પણ કહ્યુ કે ખેડુતો અહિંસાના માર્ગે આંદોલન કરી રહ્યા છે. પરંતુ સરકાર તેમની રજુઆત નહી સાંભળે તો વિરોધ વધુ ઉગ્ર બની શકે છે. તેમના દ્વારા ભગતસિંહના માર્ગે ચાલવાની ટીપ્પણી પણ કરવામાં આવી હતી. આ સમગ્ર મામલે જીએસપીએલ તથા જિલ્લા વહિવટી તંત્રનો સત્તાવાર પક્ષ હજુ સુધી જાહેર થયો નથી. ખેડુતો દ્વારા કરવામાં આવેલી સંમતિ વિના જમીનમાં પાઈપ લાઈન નાંખવાના આક્ષેપોની સ્વતંત્ર પુષ્ટી થઈ શકી નથી. જો આ મુદ્દે જીએસપીએલ, જિલ્લા વહિવટી તંત્ર અથવા અન્ય સંબંધિત અધિકારીઓ તરફથી કોઈ સત્તાવાર નિવેદન જાહેર થશે તો તેના આધારે આગળની માહિતી અપડેટ કરવામાં આવશે.

# સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર ખાતે રામમંદિરના દાન મુદ્દે કોંગ્રેસે કર્યુ વિરોધ પ્રદર્શન

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

અયોધ્યા રામમંદિરના નિર્માણ માટે ઉઘરાવવામાં આવેલા દાનમાં કથિત ચોરી અને ભ્રષ્ટાચારના વિરોધમાં સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગરમાં જિલ્લા કોંગ્રેસ દ્વારા એક અનોખુ વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યુ હતું.

સામાન્ય રીતે વિરોધ પક્ષના પ્રદર્શનોમાં પક્ષના બેનર અને ઝંડા જોવા મળતા હોય છે. પરંતુ આ કોંગ્રેસની રેલીમાં કાર્યકરો હાથમાં ભગવા ઝંડા લઈને રોડ રસ્તા પર ઉતર્યા હતા.

પૂર્વ સાંસદ તુષાર ચૌધરી સહિતના અગ્રણી નેતાઓ અને કાર્યકરોએ હિંમતનગર સર્કિટ હાઉસથી પદયાત્રા યોજી હતી. જેમાં જય શ્રી રામના નારા લગાવી ભાજપ સરકાર સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો.



# મહેસાણાના બેન્ક ખાતામાં સાયબર ફ્રોડનાં નાણાંની હેરાફેરીનું કૌભાંડ ખુલ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)મહેસાણા

પાટણ અને બનાસકાંઠા જિલ્લાના બે શખ્સોએ મહેસાણામાં પેઢી બનાવી તેના બેન્ક ખાતામાં સાયબર ફ્રોડનો ભોગ બનેલા લોકોનાં નાણાંની હેરાફેરી કરી હોવાનું ખુલ્યું છે. મહેસાણા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનની ટીમે આ સાયબર ફ્રોડ રેકેટમાં વપરાયેલા 'મ્યુલ એકાઉન્ટ'નો પર્દાફાશ કરી આ કૌભાંડમાં સંડોવાયેલા બંને જણા સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.મહેસાણા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના પોકો સંદિપકુમાર અને તેમની ટીમને કેન્દ્રીય 14C સમન્વય પોર્ટલ પરથી કેટલાક શંકાસ્પદ બેંક ખાતાઓ (મ્યુલ એકાઉન્ટ્સ)ના ઈનપુટ્સ મળ્યા હતા. જેની ટેકનિકલ સ્ટાફ દ્વારા તપાસ કરાતાં ભારતભરમાં સાયબર ફ્રોડ આચરીને મોટી રકમની શંકાસ્પદ હેરાફેરી મહેસાણા જિલ્લાનાં મ્યુલ એકાઉન્ટ્સમાં થતી હોવાનું પ્રાથમિક તપાસમાં જણાયું હતું. આ તપાસ દરમિયાન સમન્વય પોર્ટલ પરથી મહેસાણા એસબીઆઈનું એક ખાતું મ્યુલ એકાઉન્ટ તરીકે મળ્યું હતું. જેઅંગે પોલીસે વધુ તપાસ કરતાં પાટણના દુનાવાડા ગામના ચૌધરી વિષ્ણુભાઈ જગમાલભાઈ અને બનાસકાંઠાના કુંભારડી ગામના ચૌધરી હિતેશકુમાર કાન્તિલાલે મહેસાણાના હબટાઉનના ડી બ્લોકના પહેલા માળના સરનામે 'જુવોનેક્સીસ ટેકનોલોજીસ પ્રાઈવેટ લિમિટેડ' ના નામે એક પેઢી ઊભી કરી હતી, આ કંપનીના નામે SBIમાં આ કરંટ ખાતું ખોલાવવામાં આવ્યું હતું. આ ખાતાનો ઉપયોગ દેશના અલગ-અલગ રાજ્યોમાં સાયબર છેતરપિંડીનો ભોગ બનેલા નિર્દોષ લોકોનાં નાણાંની હેરાફેરી કરવા માટે કરવામાં આવતો હતો. આરોપીઓ આ નાણાં મેળવી રહ્યા હોવાનું જાણતા હોવા છતાં પોતાના અંગત આર્થિક ફાયદા માટે ઉપાડી લેતા અથવા અન્ય મળતિયાઓને ટ્રાન્સફર કરી દેતા હતા. પોલીસે પેઢીના પ્રોપરાઈટરો વિષ્ણુભાઈ જગમાલભાઈ ચૌધરી (રહે. ચૌધરીવાસ, દુનાવાડા, તા.જિ. પાટણ) તથા હિતેશકુમાર કાન્તીલાલ ચૌધરી (રહે. પટેલવાસ, કુંભારડી, જિ. બનાસકાંઠા) સામે મહેસાણા સાયબર ક્રાઈમ પોલીસ મથકે વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી અન્ય કૌભાંડમાં સંડોવાયેલા અન્ય આરોપીઓની શોધ કરવા સહિતની વધુ તપાસ હાથ ધરી છે.પોલીસની ટેકનિકલ ટીમે આ બેંક ખાતાનું 'NCCRP' (નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ) પર વિશ્લેષણ કરતાં આ બેંક ખાતા વિરૂદ્ધ ગુજરાત સહિત દેશના વિવિધ રાજ્યોમાંથી કુલ ૨૨૫ જેટલી સાયબર ઓનલાઈન ફરિયાદો નોંધાયેલી હોવાનું ખુલ્યું હતું. જે પૈકી કુલ ૪૪ ફરિયાદો એવી છે, જેમાં છેતરપિંડીની નાણાં સીધેસીધાં (લેયર-૧) આ જ ખાતામાં ટ્રાન્સફર થયાં હતાં. પ્રાથમિક રીતે માત્ર આ ૪૪ ફરિયાદોમાંથી જ સાયબર ફ્રોડની કુલ રૂ.૫,૩૦,૬૬૮ રકમ આ ખાતામાં જમા થઈ હોવાનું જણાયું હતું.

# વડોદરા મંડળનું'Passenger First' અભિયાન, ભારે વરસાદ દરમિયાન મુસાફરોને પહોંચાડી સંભવ તમામ સહાય

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી રાજુ ભડકેના કુશળ માર્ગદર્શન હેઠળ મંડળના વિવિધ વિભાગોની ટીમ દ્વારા પાછલા દિવસોમાં થયેલા સતત ભારે વરસાદ અને તેનાથી ઉદ્ભવેલા પરિચાલન સંબંધી પડકારો દરમિયાન "Passenger First, Always" ના પોતાના સંકલ્પને ચરિતાર્થ કરતા અંકલેશ્વર તેમજ ભરૂચ રેલવે સ્ટેશનો પર મુસાફરોની સુવિધા, સુરક્ષા તેમજ સહાય માટે વ્યાપક પ્રબંધો કરવામાં આવ્યા.




પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સકસેના દ્વારા જાહેર કરાયેલી એક પ્રેસ વિજ્ઞપ્તિ અનુસાર મુંબઈ મંડળમાં નાલાસોપારા - વિરાર રેલ ખંડ પર જલભરાવના કારણે મુંબઈ મંડળમાં રેલ પરિચાલન પ્રભાવિત થયું, જેના પરિણામસ્વરૂપ વડોદરા મંડળમાં પણ કેટલીક લાંબા અંતરની ટ્રેનોને શોર્ટ ટર્મિનેટ કરવામાં આવી. આ પરિસ્થિતિમાં પણ વડોદરા મંડળે મુસાફરોને સંભવ તમામ સહાય પહોંચાડવાના પ્રયાસો કર્યા. અંકલેશ્વર રેલવે સ્ટેશન પર વાણિજ્ય વિભાગ, રેલવે સુરક્ષા બળ (RPF), ગવર્નમેન્ટ રેલવે પોલીસ (GRP), સ્ટેશન પ્રબંધન તથા અન્ય સંબંધિત વિભાગો દ્વારા પરસ્પર સમન્વય સ્થાપિત કરીને રાહત તેમજ સહાય કાર્યો અસરકારક રીતે સંચાલિત કરવામાં આવ્યા. આશરે ૨૦૦ થી વધુ મુસાફરોને સુરક્ષિત રીતે સુરત જનારી ટ્રેનોમાં સમાયોજિત કરવામાં આવ્યા. જરૂરિયાત ઊભી થવા પર વૈકલ્પિક પરિવહનની વ્યવસ્થા માટે GSRTC ની બસોને સ્ટેન્ડબાય પર રાખવામાં આવી, જોકે અંતે તેની જરૂરિયાત ન પડી. વાણિજ્ય વિભાગ દ્વારા મુસાફરોને રાહત આપવા માટે ૭૦૦ થી વધુ રિફ્રેશમેન્ટ પેકેટ, મમરા તેમજ બિસ્કિટ વિતરિત કરવામાં આવ્યા. આ ઉપરાંત ૪ વિશેષ કાઉન્ટર (UTS, PRS, TDR સહાય અને સહયોગ ડેસ્ક) ખોલવામાં આવ્યા તથા ૧૪ થી વધુ વાણિજ્યિક કર્મચારીઓને સુચારુ સંચાલન તેમજ મુસાફરોની સહાય માટે તૈનાત કરવામાં આવ્યા. તમામ મુસાફરોની ફરિયાદો તેમજ સહાય સંબંધી જરૂરિયાતોનું સમયબદ્ધ નિવારણ સુનિશ્ચિત કરવામાં આવ્યું.

આ જ રીતે ભરૂચ રેલવે સ્ટેશન પર પણ મુસાફરોની સુવિધાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતા વિશેષ હેલ્પ ડેસ્ક સ્થાપિત કરવામાં આવ્યું. આશરે ૨૫૦ મુસાફરોને ટ્રેન સંખ્યા ૧૯૦૧૨ માંથી ટ્રેન સંખ્યા ૨૨૧૯૫ માં સ્થાનાંતરિત કરીને તેમની યાત્રા સુગમ બનાવવામાં આવી. રિફંડ મેળવવા ઈચ્છતા મુસાફરોની સુવિધા માટે વધારાના કાઉન્ટર ખોલવામાં આવ્યા તથા સ્થાનિક સ્વયંસેવી સંસ્થાઓ (NGOs) ના સહયોગથી પ્રભાવિત મુસાફરોને અલ્પાહાર તેમજ આવશ્યક સહાય ઉપલબ્ધ કરાવવામાં આવી. મુસાફરોને ગુજરાતી, હિન્દી તેમજ અંગ્રેજીમાં નિયમિત જાહેરાતો (અનાઉન્સમેન્ટ) ના માધ્યમથી અદ્યતન માહિતી ઉપલબ્ધ કરાવવામાં આવી તથા તેમની સમસ્યાઓના ત્વરિત નિવારણ માટે વિશેષ સહાય વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી. આ પ્રયાસોના પરિણામસ્વરૂપ પ્રભાવિત મુસાફરોને સમયસર સહાય મળી, સુરક્ષિત યાત્રા સુનિશ્ચિત થઈ તથા રિફંડ તેમજ અન્ય સેવાઓનો ત્વરિત નિકાલ કરી શકાયો. આખા અભિયાન દરમિયાન મંડળના રેલ કર્મચારીઓએ સમર્પણ, શિસ્ત તેમજ સંવેદનશીલતાનો પરિચય આપતા મુસાફરોની સંભવ તમામ સહાય કરી. વડોદરા મંડળ મુસાફરોને સુરક્ષિત, સુવિધાજનક તેમજ વિશ્વસ્તરીય સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે નિરંતર કટિબદ્ધ છે. પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં પણ મંડળનો પ્રત્યેક કર્મચારી "Passenger First, Always" ના સિદ્ધાંતને અનુરૂપ મુસાફરોની સેવામાં પૂરી નિષ્ઠાથી કાર્ય કરી રહ્યો છે.

# એઆઈ (AI): ભારતીય રેલવે માટે ગેમ ચેન્જર

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) આજે વિશ્વભરમાં કાર્ય કરવાની પદ્ધતિઓને ઝડપથી બદલી રહી છે. માર્કેટિંગ, ડેટા વિશ્લેષણ, ખરીદી પ્રક્રિયાથી લઈને દૈનિક કામગીરી સુધી લગભગ દરેક ક્ષેત્રમાં AIનો પ્રભાવ સ્પષ્ટપણે જોવા મળી રહ્યો છે. પુનરાવર્તિત કાર્યોને સ્વચાલિત બનાવીને, બિનજરૂરી પ્રક્રિયાઓને ઘટાડીને તેમજ ઝડપી અને સચોટ વિશ્લેષણ ઉપલબ્ધ કરાવીને AI સંસ્થાઓની કાર્યક્ષમતા, ઉત્પાદકતા અને સ્પર્ધાત્મક ક્ષમતામાં નોંધપાત્ર વધારો કરી રહી છે.


ડૉ. જિનિયા ગુપ્તા

વિશ્વના સૌથી મોટા રેલ નેટવર્ક્સમાંના એક ભારતીય રેલવે પણ AIના વ્યાપક ઉપયોગ દ્વારા પોતાની પરિચાલન, જાળવણી તથા વાણિજ્યિક પ્રવૃત્તિઓને નવી ઊંચાઈઓ સુધી પહોંચાડી શકે છે.

રેલવેમાં AIનો સૌથી મહત્વપૂર્ણ ઉપયોગ પૂર્વાનુમાન આધારિત જાળવણી (Predictive Maintenance)ના ક્ષેત્રમાં થઈ શકે છે. અદ્યતન સેન્સર અને AI ટેકનોલોજીની મદદથી રેલવે પાટાઓમાં આવેલી તિરાડો, ટ્રેક ફિટિંગ્સની ખામીઓ, પુલોની માળખાકીય નબળાઈઓ, ખાસ કરીને એપ્રોચ વિસ્તારની સ્થિતિ તેમજ પાટાઓ અથવા અંડરપાસની આસપાસ વધી રહેલા જળસ્તર જેવી સંભવિત સમસ્યાઓની સમયસર ઓળખ કરી શકાય છે. આના કારણે કોઈપણ મોટી તકનીકી ખામી અથવા અકસ્માતની સંભાવનાને અગાઉથી ઘટાડી શકાય છે.

AI માત્ર ખામીઓની ઓળખ સુધી મર્યાદિત નથી, પરંતુ તે ઉપલબ્ધ આંકડાઓનું વિશ્લેષણ કરીને જાળવણી કાર્યોનું વધુ સારી રીતે આયોજન કરવા, સ્પેર પાર્ટ્સ અને સામગ્રીના કાર્યક્ષમ સંચાલન, ખર્ચ નિયંત્રણ તેમજ સમયસર જરૂરી પગલાં સુનિશ્ચિત કરવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. આથી ડેપોમાં નિરીક્ષણ અને જાળવણી માટે લાગતો સમય ઓછો થશે, વેગન અને કોચનો ટર્નઅરાઉન્ડ સમય ઘટશે તેમજ સમય ઉત્પાદકતામાં નોંધપાત્ર સુધારો થશે.

AI રેલવે કર્મચારીઓ માટે એક અસરકારક જ્ઞાન ભંડાર (Knowledge Repository) તરીકે પણ કાર્ય કરી શકે છે. જાળવણી ડેપો તથા ટ્રેન સંચાલન સાથે જોડાયેલા કર્મચારીઓને વિવિધ તકનીકી ખામીઓના ઉકેલ, પ્રમાણભૂત પ્રક્રિયાઓ તેમજ અધિકૃત મેન્યુઅલ મુજબ ઝડપી માર્ગદર્શન ઉપલબ્ધ કરાવી શકાય છે, જેના પરિણામે નિર્ણય લેવાની ગતિ અને ગુણવત્તા બંનેમાં સુધારો થશે.

ઊર્જા સંરક્ષણના ક્ષેત્રમાં પણ AI અત્યંત ઉપયોગી સાબિત થઈ શકે છે. તે લોકો પાઈલટોને સૌથી યોગ્ય થ્રોટલિંગ અને ઈંધણ ઉપયોગ સંબંધિત સૂચનો આપીને ઈંધણની ખપત ઘટાડવા, ઊર્જા કાર્યક્ષમતા વધારવા તેમજ ગ્રીનહાઉસ ગેસના ઉત્સર્જનમાં ઘટાડો લાવવામાં સહાય કરી શકે છે. આ ઉપરાંત, લોકોમોટિવ તથા મહત્વપૂર્ણ સ્થળોએ સ્થાપિત AI-સક્ષમ કેમેરા અને લેસર સ્કેનર ઓવરહેડ વિદ્યુત ઉપકરણોનું વાસ્તવિક સમય (રિયલ ટાઈમ)માં નિરીક્ષણ કરી શકે છે, માનવરહિત સમપાર ફાટકો અથવા લેવલ ક્રોસિંગ પર ટ્રેક અવરોધોની ઓળખ કરી શકે છે તેમજ વિદ્યુતીકૃત વિસ્તારોમાં અનધિકૃત પ્રવેશ અથવા માનવીય પ્રવૃત્તિઓની તાત્કાલિક જાણકારી સંબંધિત અધિકારીઓ સુધી પહોંચાડી શકે છે.

મુસાફરો માટે પણ AI મુસાફરીના અનુભવને વધુ સરળ, સુરક્ષિત અને સુવિધાજનક બનાવી શકે છે. એકીકૃત AI આધારિત પ્લેટફોર્મના માધ્યમથી મુસાફરો પોતાના કોચ, પ્રતીક્ષાલય, વિશ્રામ ગૃહ, તબીબી સુવિધાઓ તેમજ ઓનબોર્ડ સ્ટાફની માહિતી સરળતાથી મેળવી શકશે. ડિજિટલ ઈમેજિંગ અને AIની મદદથી પ્લેટફોર્મ તથા ટ્રેનોમાં ભીડનું વાસ્તવિક સમય (રિયલ ટાઈમ)માં વિશ્લેષણ કરી અસરકારક ભીડ વ્યવસ્થાપન, સંસાધનોનું વધુ સારું આયોજન તેમજ ભવિષ્યના અવસંરચનાત્મક વિકાસમાં સહાય મળશે.

જોકે ભારતીય રેલવે એ પોતાની સંપત્તિઓના આધુનિકીકરણની દિશામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે, તેમ છતાં વૈશ્વિક સ્તરના કાર્યક્ષમ, અસરકારક અને કિફાયતી રેલ તંત્રના લક્ષ્ય સુધી પહોંચવા માટે હજુ લાંબી સફર બાકી છે. આ ઉદ્દેશ્યની પ્રાપ્તિ માટે રેલ પરિચાલનની મુખ્યધારામાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)નું સુનિયોજિત અને વ્યાપક એકીકરણ અત્યંત જરૂરી છે. AIનો વિવેકપૂર્ણ અને અસરકારક ઉપયોગ ભારતીય રેલવેને વધુ સુરક્ષિત, સ્માર્ટ, ટકાઉ તેમજ વાસ્તવિક અર્થમાં મુસાફર-કેન્દ્રિત બનાવી શકે છે, જેના પરિણામે તે ભવિષ્યના પડકારોનો સફળતાપૂર્વક સામનો કરવા માટે સંપૂર્ણ રીતે તૈયાર થશે. AI માત્ર એક નવી ટેકનોલોજી નથી, પરંતુ ભારતીય રેલવેના ભવિષ્યને નવી દિશા આપનાર એક વાસ્તવિક "ગેમ ચેન્જર" સાબિત થઈ શકે છે.

લેખિકા ૨૦૦૯ બેચની ભારતીય રેલવે ટ્રાફિક સેવા (IRTS)ની અધિકારી છે.

### મુસાફર રેલ સેવાઓ શરૂ કરવા તરફ મહત્વપૂર્ણ પગલું

# અમદાવાદ મંડળના કટોસણ રોડ–રણુજ રેલખંડ પર ૯ થી ૧૧ જુલાઈ દરમિયાન સીઆરએસ દ્વારા સંરક્ષા નિરીક્ષણ

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા રેલવે અવસંરચનાના વિકાસની દિશામાં વધુ એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરવામાં આવી રહી છે. અમદાવાદ મંડળના કટોસણ રોડ–રણુજ (૬૩ કિમી) રેલખંડનું રેલ સુરક્ષા આયુક્ત (Commission of Railway Safety – CRS) દ્વારા ૯ થી ૧૧ જુલાઈ, ૨૦૨૬ દરમિયાન સંરક્ષા નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. આ નિરીક્ષણ આ રેલખંડ પર મુસાફર ટ્રેન સેવાઓના પ્રારંભની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.





નિરીક્ષણ કાર્યક્રમ મુજબ ૯ અને ૧૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ મોટર ટ્રોલી દ્વારા રેલખંડનું વિગતવાર નિરીક્ષણ કરવામાં આવશે, જ્યારે ૧૧ જુલાઈ, ૨૦૨૬ના રોજ આ રેલખંડ પર ૧૨૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે એન્જિન સ્પીડ ટ્રાયલ હાથ ધરવામાં આવશે. નિરીક્ષણ દરમિયાન આ રેલખંડ પર ટ્રેનનું સંચાલન ઊચ્ચ ઝડપે કરવામાં આવશે.

નિરીક્ષણ ટીમમાં રેલ સંરક્ષા આયુક્ત (પશ્ચિમ સર્કલ) શ્રી ઈ. શ્રીનિવાસ, અમદાવાદના મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશ, મુખ્ય વહીવટી અધિકારી (નિર્માણ) શ્રી પ્રદીપ ગુપ્તા, ગુજરાત રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ (G-RIDE)ના ડાયરેક્ટર શ્રી રાજકુમાર, G-RIDEના જનરલ મેનેજર (સિવિલ) શ્રી શિવેન્દ્ર કુમાર, મુખ્ય ટ્રેક ઈજનેર, મુખ્ય પરિચાલન પ્રબંધક (જી) તેમજ નિર્માણ અને ઓપન લાઇન વિભાગોના વરિષ્ઠ અધિકારીઓનો સમાવેશ થાય છે.

રેલ સંરક્ષા આયુક્ત દ્વારા આ પરિવર્તિત બ્રોડગેજ રેલખંડને મુસાફર ટ્રાફિક માટે મંજૂરી આપતા પહેલાં ટ્રેકની ગુણવત્તા, સિગ્નલિંગ વ્યવસ્થા, પુલો, ઓવરહેડ ઈલેક્ટ્રિફિકેશન (OHE) સિસ્ટમ, ઈન્ટરલોકિંગ, ટ્રેક ફિટિંગ્સ, બેલાસ્ટ તેમજ OHEની ઊંચાઈ સહિતના તમામ સલામતી ધોરણોની વિસ્તૃત તપાસ કરવામાં આવશે. આ ઉપરાંત, રેલખંડ પર મહત્તમ સુરક્ષિત ગતિનું પણ પરીક્ષણ કરવામાં આવશે.

અમદાવાદના મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે જણાવ્યું હતું કે હાલમાં આ રેલખંડ પર માત્ર માલગાડીઓનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. સીઆરએસનું સલામતી નિરીક્ષણ સફળતાપૂર્વક પૂર્ણ થયા બાદ આ માર્ગ પર મુસાફર ટ્રેન સેવાઓ શરૂ કરવાનો માર્ગ મોકળો બનશે. તેનાથી વિસ્તારના મુસાફરોને ઝડપી, સુરક્ષિત અને સુવિધાજનક રેલ મુસાફરી ઉપલબ્ધ થશે તેમજ ઉત્તર ગુજરાતના ગ્રામિણ અને ઔદ્યોગિક વિસ્તારોની રેલ કનેક્ટિવિટીને નવી મજબૂતી મળશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ રેલખંડ હેઠળ બેચરાજી, ખાંભેલ અને ચાણસ્મા જેવા મહત્વપૂર્ણ સ્ટેશનો આવે છે, જે મહેસાણા અને પાટણ જિલ્લાના મુખ્ય કેન્દ્રો છે. મુસાફર ટ્રેન સેવાઓ શરૂ થતાં સ્થાનિક નાગરિકો, વિદ્યાર્થીઓ, નોકરીયાત લોકો તેમજ વેપારીઓને વધુ સારી અને કિફાયતી મુસાફરીની સુવિધા મળશે. ઉપરાંત, દેશના વિવિધ વિસ્તારોમાંથી પ્રસિદ્ધ બેચરાજી મંદિરમાં દર્શન કરવા અને મેળામાં ભાગ લેવા આવતા શ્રદ્ધાળુઓને પણ તેનો વિશેષ લાભ મળશે. આ પરિયોજના ક્ષેત્રની કૃષિ, લઘુ ઉદ્યોગો અને વેપારિક પ્રવૃત્તિઓને નવી ગતિ આપશે. ખેડૂતોને તેમના કૃષિ ઉત્પાદનોને મોટા બજારો સુધી પહોંચાડવામાં વધુ સુવિધા મળશે, જેના પરિણામે સ્થાનિક અર્થતંત્રને મજબૂતી મળશે. સાથે જ, પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે રોજગારીની નવી તકોનું પણ સર્જન થશે.

આ સિદ્ધિ ભારતીય રેલવેની આધુનિક, સુરક્ષિત અને મુસાફર-કેન્દ્રિત કાર્યપદ્ધતિનું ઉત્તમ ઉદાહરણ છે, જે રાજ્યમાં વધુ સારી રેલ કનેક્ટિવિટી, લોજિસ્ટિક્સ ખર્ચમાં ઘટાડો તેમજ સર્વાંગી આર્થિક વિકાસને નવી દિશા આપશે.

આમ જનતા થી વિશેષ અપીલ

સંરક્ષાની દૃષ્ટિએ આમ નાગરિકોને અપીલ કરવામાં આવે છે કે ૯ થી ૧૧ જુલાઈ, ૨૦૨૬ દરમિયાન નિરીક્ષણ સમયગાળા દરમિયાન રેલવે પાટા અને તેની આસપાસના વિસ્તારોમાંથી સુરક્ષિત અંતર જાળવી રાખે તથા કોઈપણ પરિસ્થિતિમાં રેલવે લાઇન ઓળંગવાનો પ્રયાસ ન કરે. નિરીક્ષણ દરમિયાન આ રેલખંડ પર ટ્રેનનું સંચાલન ઉચ્ચ ઝડપે કરવામાં આવશે.

# બેંકના નિવૃત્ત કર્મચારીને APK ફાઈલ મોકલી ૧૧.૪૨ લાખની સાયબર ઠગાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

સાયબર ગઠિયાએ બેંકના નિવૃત્ત કર્મચારીને જ નિશાન બનાવી APK ફાઈલ દ્વારા 11.42 લાખની છેતરપિંડી કરી છે. આનંદનગરના નિવૃત્ત બેંક કર્મચારી સાથે આ બનાવ બન્યો છે. તેઓ અગાઉ યુનિયન બેંકમાં ફરજ બજાવતા હોવાથી બેંકના નિવૃત્ત અને હાલના કર્મચારીઓના એક વોટ્સએપ ગ્રૂપના સભ્ય હતા. આ ગ્રૂપમાં સમયાંતરે બેંક સંબંધિત માહિતી શેર કરવામાં આવતી હતી. આ દરમિયાન ગ્રૂપમાં 'બેંક હેલ્પ' નામની એક લિંક શેર કરવામાં આવી હતી. જેના આધારે વૃદ્ધ સાથે ઠગાઈ કરવામાં આવી હતી. ગઠિયાએ વૃદ્ધની ચાર એફડી તોડી રૂપિયા પડાવ્યા હતા. બેંકના નિવૃત્ત કર્મચારીઓનું એક વોટ્સએપ ગ્રૂપ બનાવવામાં આવ્યું છે જેમાં એક લિંક મૂકવામાં આવી હતી. આ લિંક પોતાના ગ્રૂપની હોવાથી તેના પર વિશ્વાસ કરી વૃદ્ધે તે લિંક પર ક્લિક કરતાં વોટ્સએપ કોલ દ્વારા એક અજાણ્યા શખ્સનો સંપર્ક થયો હતો. તેણે પોતાની ઓળખ યુનિયન બેંકના મેનેજર તરીકે આપી અને બેંક સંબંધિત સમસ્યાઓમાં મદદ કરવાની ખાતરી આપી હતી. વાતચીત દરમિયાન વૃદ્ધે પોતાના બેંક લોકરના ભાડામાં ડિસ્કાઉન્ટ અંગે પૂછપરછ કરી હતી. ઠગે મદદનું આશ્વાસન આપીને બીજા દિવસે ફરી સંપર્ક કર્યો હતો.ત્યારબાદ કસ્ટમર સપોર્ટના નામે એક APK ફાઈલ વૃદ્ધના મોબાઈલમાં મોકલવામાં આવી હતી. શખ્સે આ ફાઈલ ડાઉનલોડ કરી તેમાં જરૂરી વિગતો ભરવા જણાવ્યું હતું. વિશ્વાસમાં આવી વૃદ્ધે ફાઈલ ઈન્સ્ટોલ કરી અને માગેલી માહિતી ભરી દીધી હતી. ત્યારબાદ તેમના મોબાઈલ પર સતત OTP આવવા લાગ્યા. શરૂઆતમાં તેમને કોઈ શંકા ન જતાં તેમણે ખાસ ધ્યાન આપ્યું નહોતું.થોડા સમય બાદ જ્યારે વૃદ્ધ બેંકમાં પહોંચીને ખાતાની વિગતો તપાસવા ગયા ત્યારે તેમના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. અજાણ્યા શખ્સે તેમના ખાતામાંથી અલગ-અલગ ઓનલાઈન ટ્રાન્ઝેક્શન કરીને તેમજ ચાર ફિક્સ્ડ ડિપોઝિટ (FD) તોડીને કુલ 11.42 લાખ ઉપાડી લીધા હોવાનું સામે આવ્યું હતું. પોતાની સાથે સાયબર ઠગાઈ થઈ હોવાનું જાણ થતાં વૃદ્ધે તાત્કાલિક અમદાવાદ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

**પશ્ચિમ રેલ્વે**
શુધ્ધિપત્ર
1. ટેન્ડર સૂચના નંબર અને તારીખ: BCT/26-27/84, 85 અને 86, તા. 02.07.2026. હાલની ટેન્ડર સમાપ્તિ તા.: 28.07.2026. હવે તા.: 04.08.2026 તરીકે વાંચવામાં આવશે. અન્ય તમામ શરતો અને શરતો એ જ રહેશે. 0347
અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે**
વિવિધ કાર્ય
ડિવિઝનલ રેલ્વે મેનેજર (WA), પશ્ચિમ રેલ્વે, છઠ્ઠો માળ, એન્જિનિયરિંગ વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400 008.ઈ-ટેન્ડર સૂચના નં.: BCT/26-27/89, તા. 07.07.2026. કાર્ય અને સ્થાન:(1) જોરાવાસન - ઉકાઈસોનગઢ - મરોલી, ચલથાણ, માધી અને ઉકાઈસોનગઢ ખાતે RGM સાઇડિંગ પૂરું પાડવું અને (2) ઉકાઈસોનગઢ ના સંબંધમાં ટ્રેકનું કામ - સુરત તરફ લૂપ લાઇન નં. 1 ને 300 મીટર સુધી લંબાવવા માટે સંપૂર્ણ ગુડ્સ લૂપ તરીકે ઉપયોગ કરવા માટે, જેમાં પ્લેટફોર્મનું વિસ્તરણ અને TT M સાઇડિંગ પર ટોયનું OHE ની જોગવાઈ. (ઇલેક્ટ્રિકલ ભાગ સહિત સંયુક્ત ટેન્ડર). કામનો અંદાજિત ખર્ચ: ₹ 16,28,90,665.96. EMD: ₹ 32,57,800/-. સબમિશનની તારીખ અને સમય: તા.31.07.2026 ના 15:00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય: તા.31.07.2026 ના રોજ 15:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0341
અમને લાઈક કરો: facebook.com/WesternRly

# રે નર્મદ! તારા સુરતની ખરડાતી આ મૂરત?

**એક બાજુ પૂર પીડિત પ્રજા મોત સામે ઝઝૂમતી હતી ત્યારે બીજી બાજુ SMCના બેશરમ પદાધિકારીઓ અટ્ટહાસ્ય સાથે નાસ્તા પાણી કરી રહ્યા હતા**

(છગનલાલ મેવાડા) સુરત

સ્વચ્છ સુરત, સુંદર સુરતના બણગાં ફૂંકતી સુરત મહાનગર પાલિકાની પોલ સુરત શહેર માં મંગળવારે કુદરતી આફતે ખોલી નાંખી તંત્રને નગ્ન કરી નાખ્યું હતું. આ આફતે શહેરને હચમચાવી દીધું હતું. આખું શહેર પાણીમાં ગરકાવ હતું ત્યારે સુરત મહાનગર પાલિકાના ચૂંટાયેલા પદાધિકારીઓ અને અધિકારીઓ મહાનગરપાલિકાના હોલમાં સેવ ખમણ ને ઢોકળાની જયાફત ઉડાડી હસતા ચહેરે નવનિયુકતોને અભિનંદન આપતા હતા.

ત્યારે બીજી બાજુ અનરાધાર વરસેલા વરસાદથી માનવીઓ જાનવર કરતાં બદતર હાલતથી મોતને ભેટી રહ્યા હતા. જ્યાં કોઈ કરંટ થી તો કોઈ ડૂબી જવાથી તો કોઈ ઝાડ પડવા જેવી ઘટનાઓને લઈને મોતના મુખમાં ધકેલાઈ રહ્યા હતા. કેટલી શરમજનક વાસ્તવિકતા કહેવાય કે શું જવાબદાર કાળા માથાનો માનવી આટલો નિષ્ઠુર બની રહ્યો છે?

આ વરસાદે સુરત નંબર-વન ના ગુણગાન ગાતા વહીવટીતંત્ર અને ડ્રેનેજ સિસ્ટમ સામે પણ કેટલાક સવાલો ઉભા કર્યા છે. જ્યારે ભારે વરસાદ આવે ત્યારે પાણીના નિકાલ માટે શહેરનું આયોજન મજબૂત હોવું જરૂરી છે. દેશ ૨૧ મી સદીમાં આવી ગયો છે ટેક્નોલોજી બદલાઈ પરંતુ સુરત શહેર પર આવતી આફત માટે કોઈ નક્કર આયોજન ના થતા કુદરતની આ અવિરત મહેર કયારેક તો કહેર પણ બની જતા શહેરીજનોને પાણી થી થતા કરોડોના નુકશાનનો ભોગ પણ બનવા સાથે જાન પણ ગુમાવવો પડતો હોય છે. આ સાથે યાદ રાખવું જોઈએ કે ગયા વર્ષે પણ ખાડીપુરની સ્થિતિ સર્જાયા બાદ સમીક્ષા બેઠકો યોજાઈ હતી. અને ભવિષ્યમાં આવી સ્થિતિ ન સર્જાય તે માટે આયોજન,ચર્ચાઓ અને અનેક દાવા કરવામાં આવ્યા હતા. પરંતુ એક વર્ષ પૂરું થયું છતાં એ બેઠકોના કોઈ પરિણામ આજે જોવા મળતા નથી. માત્ર બેઠકોકે સમીક્ષાથી કામ નહીં ચાલે નક્કર કામગીરી સાથે ટેક્નિકલ નિષ્ણાંતો અને એન્જિનિયરો ધ્વારા વૈજ્ઞાનિક સર્વે કરાવી ક્યાંથી પાણીનો નિકાલ થઈ શકે? ક્યાં પાણી ડાયવર્ટ કરી શકાય? અને ખાડીઓની ઊંડાઈ કેવી રીતે વધારી શકાય? એ અંગેનું તાત્કાલિક ધોરણે નક્કર આયોજન કરી ખાડીપૂર ની સમસ્યાનો કાયમી ધોરણે ઉકેલ લાવવા નિષ્ઠા અને પ્રામાણિકપણે શહેર હિતમાં પ્રયત્નો કરવા જોઈએ.

બીજો મહત્વનો મુદ્દો એ છે કે શહેરમાંથી પસાર થતી તમામ ખાડીઓ ઉપર ભ્રષ્ટ અધિકારીઓ, પદાધિકારીઓ અને ખંધા બિલ્ડરોની મિલીભગતમાં ઊભી થતી અને ઉભી કરાયેલી માર્કેટો અને ઈમારતોને કારણે ખાડીઓના પાણી ઉભરાઈને આજુબાજુની મજૂર વસાહતો સહિત ધંધા રોજગાર વાળાઓને જે રીતે વર્ષો વર્ષ લાખોની ઘરવખરી અને જાન-માલનું નુકસાન કરી રહ્યા છે. એ પણ તંત્રની ઘોર બેદરકારીનો નમુનો જ છે.

આ વર્ષે માત્ર ચાર દિવસના ધોધમાર વરસાદમાં જે રીતે કરંટ લાગવાથી, ઝાડ પડવાથી કે પાણીમાં તણાઈ જવાથી જે મૃત્યુ થયા છે એનો આંકડો ૧૬ ઉપરાંત થાય છે. જે અકાળે માનવીને ભરખી ગયો છે. એથી એમ કહેવાય કે સને ૨૦૦૬ ના તાપીપુર બાદ પહેલીવાર એટલે કે બે દાયકા બાદ આખું સુરત વરસાદી પાણીમાં ગરકાવ થતા રસ્તાઓ પણ નદીમાં ફેરવાઈ ગયા હતા એમ કહેવું ખોટું તો નથી જ ઉપરાંત જે વિસ્તારોમાં પાણી આજ દિન સુધી ભરાતા ના હતા ત્યાં ચારથી પાંચ ફૂટ પાણી ભરાતા ઘર, દુકાન, આંગણે ઉભેલા વાહનો પાણીમાં જાણે કે સ્નાન કરી રહ્યા હોય એટલા પાણીમાં ડૂબેલા હતા. આ પૂરનું ચિંતાજનક પાસું એ હતું કે તાપી નદીના પૂરને બદલે માત્ર ભારે વરસાદ અને એનાથી થયેલો ખાડીનો ભરાવો એને લઈ ખાડીના ઉભરાયેલા પાણીને કારણે જ સુરતના મોટાભાગનો વિસ્તાર પૂરના સંકટમાં લપેટાઈ જતા શહેરીજનોને મૃત્યુની સાથે માલ નું નુકસાનનો ભોગ બનવાની કિંમત ચૂકવવી પડી છે.જે નઘરોળ તંત્રની આ શહેરને મળેલી નુકસાન રૂપી "ભેટ" છે.

# રામ મંદિરમાંથી રોજ છથી આઠ લાખની થતી હતી ચોરી!!

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

અયોધ્યાના રામ મંદિરમાં દાનની ચોરીના કેસમાં પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, દરરોજ છ થી આઠ લાખ રૂપિયાની ચોરી થતી હતી. બેંક અધિકારીઓએ સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ ( SIT) ને જણાવ્યું હતું કે ચોરી નો પર્દાફાશ થાય એ પહેલા રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના બેંક ખાતાઓમાં દરરોજ સરેરાશ ૧૬ થી ૧૮ લાખ રૂપિયા જમા થતા હતા. જોકે ચોરીની વાત સામે આવ્યા બાદ આ રકમ વધીને ૨૪ થી ૨૬ લાખ રૂપિયા પ્રતિ દિવસ થઈ ગઈ છે. મંદિર સંકુલ માં આશરે ૧૦ દાન કાઉન્ટર કાર્યરત છે. જે સવારે ૦૭ વાગ્યાથી રાત્રે ૦૯ વાગ્યા સુધી દાન સ્વીકારે છે.

રજાઓ અને ખાસ દિવસોમાં પ્રતિ કાઉન્ટર બે લાખ રૂપિયા સુધી દાન વધી જાય છે. બેંક થાપાણોમાં અચાનક થયેલા વધારાએ તપાસ એજન્સીઓનું ધ્યાન ખેંચ્યું છે.

SIT તપાસ કરી રહી છે કે પહેલા અને હવે એકઠી કરવામાં આવેલી રકમમાં આટલો તફાવત કેમ છે? પોલીસ આ બધા મુદ્દાઓની તપાસ કરી રહી છે.

**કંપની અને કોન્ટ્રાકટરની બેદરકારીનો આક્ષેપ : ન્યાય ની માંગ સાથે મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર**

# કલોલ તાલુકાના ખાત્રજ વિસ્તારમાં ગટર સફાઈ કરતા સમયે સફાઈકર્મીનુ કરંટ લાગતા મોત

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના ખાત્રજ વિસ્તારમાં આવેલી જાણીતી અરવિંદ મીલ માંથી એક અત્યંત દુઃખદ અને ચોંકાવનારી ઘટના બનવા પામી છે. અરવિંદ મીલની ગટર સાફ કરવા માટે અંદર ઉતરેલા ૫૪ વર્ષીય સફાઈ કામદાર શૈલેષભાઈ સોમાભાઈનુ અચાનક કરંટ લાગવાને કારણે મોત નિપજયુ છે. આ અકસ્માતને પગલે સમગ્ર ફેકટરી પરીસરમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. આ ઘટનાની જાણ તાત્કાલીક પોલીસ તેમજ તંત્રને કરવામાં આવી હતી. ઘટના બાદ




મૃતક શૈલેષભાઈના દેહને પોસ્ટમોર્ટમ અર્થે કલોલ સીવીલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. આ ઘટનાની જાણ થતા જ અન્ય સફાઈકામદારો, પરીવારજનો અને સ્થાનિક આગેવાનો મોટી સંખ્યામાં કલોલ સીવીલ હોસ્પિટલ દોડી આવ્યા હતા. પરીવારજનોએ કોન્ટ્રાકટર અને કંપની પ્રશાસન પર સુરક્ષાના સાધનો ન આપવાનો અને ઘોર બેદરકારી દાખવવાનો ગંભીર આક્ષેપ કરીને હોસ્પિટલ પરીસરમાં જ ભારે હોબાળો મચાવ્યો હતો. મૃતક શૈલેષભાઈ પોતાના પાછળ ૩ પુત્રીઓ અને ૧ પુત્ર મુકી ગયા છે. ઘરના મોભીના અકાળે અવસાનથી માસુમ બાળકો અને પત્ની પર જાણે આભ તુટી પડયુ છે. કલોલ સીવીલ હોસ્પિટલમાં પરીવારજનોના હૈયાફાટ રૂદનથી અત્યંત હૃદય દ્રાવક દ્રશ્યો સર્જાયા હતા. આક્રોશિત પરીવારજનોએ સ્પષ્ટ ચીમકી આપી હતી કે જયાં સુધી કંપની અને કોન્ટ્રાકટર સામે કડક કાનુની કાર્યવાહી કરવામાં નહી આવે અને પરીવારને ન્યાય તેમજ વળતર નહી મળે ત્યાં સુધી તેઓ મૃતદેહ સ્વીકારશે નહી.

# અમદાવાદમાં ટ્રાફીક પોલીસનો તોડપાણીનો વિડીયો વાયરલઃ ૩૦૦ રૂપીયાની કટકી લેતા કેમેરામાં કેદ

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદ શહેરના સૌથી વ્યસ્ત ગણાતા એસજી હાઈવે પર ટ્રાફીક પોલીસની કામગીરી ફરી એકવાર વિવાદમાં આવી છે. નો પાર્કિંગ માં પાર્ક કરેલા વાહનને છોડાવવા માટે ટ્રાફીક પોલીસ કર્મી અને એક ખાનગી વ્યકિત દ્વારા કાર ચાલક પાસેથી રૂપીયા પડાવતા હોવાનો વિડીયો સોશીયલ મીડીયા પર જોરશોરથી વાયરલ થઈ રહ્યો છે. વાયરલ વિડીયો મુજબ એસજી હાઈવે પર નો -પાર્કિંગમાં રહેલી કાર ના ટાયરમાં લોક લગાડેલુ હતુ, કાર ચાલક પાસેથી આ લોક ખોલવાના બદલામાં ટ્રાફીક પોલીસની હાજરીમાં રૂપીયાની





માંગણી કરવામાં આવી હતી. કાર ચાલક પાસેથી ૩૦૦ રૂપીયા પડાવતા હોવાનુ સ્પષ્ટપણે વિડીયોમાં દેખાયુ હતું. આ સમગ્ર ઘટનામાં પોલીસકર્મીની સાથે લોક ખોલનાર એક ખાનગી વ્યકિત પણ સામેલ હોવાનુ જણાય છે. એકતરફ ટ્રાફીક નિયમોના પાલન માટે પોલીસ કાર્યરત છે, તો બીજી તરફ આવી રીતે જાહેરમાં તોડ (લાંચ) લેતા વિડીયો સામે આવતા પોલીસની છબી ખરડાઈ રહી છે. આ વિડીયો વાયરલ થતા જ લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. વિડીયો વાયરલ થયા બાદ લોકો દ્વારા માંગ કરવામાં આવી રહી છે કે શું આ ટ્રાફીક પોલીસકર્મીઓ અને તેમની સાથે કામ કરતા ખાનગી કર્મચારીઓ દ્વારા નિયમિતપણે આવી રીતે તોડ કરવામાં આવે છે ? શું આ રકમ સરકારી તીજોરીમાં જતી હતી કે પછી કોઈના ખિસ્સામાં ? હવે જોવાનુ એ રહેશે કે અમદાવાદ ટ્રાફીક પોલીસના ઉચ્ચ અધિકારીઓ આ મામલે શું કાર્યવાહી કરે છે.

# અમદાવાદના આરટીઓ સર્કલથી ચાંદખેડા જતો માર્ગ ૧૦ જુલાઈ થી બંધઃ ૩૧ જાન્યુઆરી ૨૦૨૭ સુધી ટ્રાફીક ડાયવર્ઝન

**સ્થાનિક રહેવાસીઓ માટે માત્ર ટુ વ્હીલરની મંજુરીઃ એમ્બ્યુલન્સ, ફાયર અને સરકારી ફરજ પરના વાહનોને અપાઈ છુટ**

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેકટ અંતર્ગત પીલર નિર્માણની કામગીરીને વેગ આપવા માટે ટ્રાફીક પોલીસ દ્વારા એક મહત્વનુ જાહેરનામુ બહાર પાડવામા આવ્યુ છે. આ પ્રોજેકટના કામકાજને કારણે વાહન ચાલકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ૧૦ જુલાઈથી ૩૧ જાન્યુઆરી ૨૦૨૭ સુધી લાંબા સમય માટે ટ્રાફીક ડાયવર્ઝન અમલી રહેશે. આ સમયગાળા દરમિયાન આરટીઓ સર્કલ થી ચાંદખેડા તરફ જતો મુખ્ય માર્ગ તેમજ આરટીઓ થી ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડ



સુધીનો માર્ગ સામાન્ય વાહનોની અવર જવર માટે સંપૂર્ણ પણે બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. નવા જાહેરનામા અનુસાર બંધ કરવામાં આવેલા આ માર્ગ પરથી માત્ર સ્થાનિક રહેવાસીઓને જ રાહત આપવામાં આવી છે. જેઓ માત્ર પોતાના ટુ વ્હીલર લઈને પસાર થઈ શકશે, અન્ય તમામ વાહન ચાલકો માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી છે. સાબરમતી અને ચાંદખેડા તરફ જવા માંગતા નાગરીકો હવે ચીમનભાઈ બ્રિજ થઈને પોતાના ગંતવ્ય સ્થાને પહોચી શકશે. જેથી બુલેટ ટ્રેનનુ કામ પણ અવરોધ વિના પુરજોશમાં ચાલી શકે. આ ડાયવર્ઝનને કારણે વૈકલ્પિક માર્ગો પર ટ્રાફીક જામની સમસ્યા ન સર્જાય તે માટે વહિવટી તંત્ર દ્વારા સમગ્ર ડાયવર્ઝન રૂટ ને નો પાર્કિંગ ઝોન જાહેર કરવામાં આવ્યો છે.

આ રૂટ પર કોઈપણ વાહન પાર્ક કરવા પર સખત મનાઈ રહેશે. જો કે કટોકટીની સ્થિતિને પહોચી વળવા માટે માનવતાવાદી અભિગમ સાથે એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડ અને સરકારી ફરજ પરના વાહનોને આ પ્રતિબંધિત માર્ગ પરથી પણ પસાર થવાની ખાસ છુટછાટ આપવામાં આવી છે.

# કોમનવેલ્થ ગેમ્સની તડામાર તૈયારીઓઃ અમદાવાદમાં ૫૦થી વધુ મિલ્કતો તોડી પડાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

અમદાવાદના સાબરમતી વોર્ડમાં આવેલ સાબરમતી ટોલનાકા થી મોટેરા સ્થિત નરેન્દ્ર મોદી સ્ટેડીયમ તરફ જતા માર્ગને પહોળો કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આરડીપી અને ટીપી મુજબ આ માર્ગ પર ટ્રાફીકની સમસ્યા નિવારવા અને ભવ્ય લુક આપવા માટે અમલીકરણની પ્રક્રિયા શરૂ કરાઈ છે. હાલ આ રોડની હયાત પહોળાઈ ૧૮.૦૦ મીટર છે, જેને વધારીને રેકોર્ડબ્રેક ૬૧.૦૦ મીટર પહોળો કરાશે.

જનપથ ત્રણ રસ્તાથી ડીમાર્ટ સુધી કોમર્શીયલ મિલ્કતોના ડીમોલેશન કરવામાં આવ્યુ છે. આજે ગુરૂવારે ૫૦ થી વધુ કોમર્શીયલ મિલ્કતોને તોડી રોડને પહોળો કરવામાં આવ્યો છે.



કોમર્શીયલ મિલ્કતોને નોટીસો આપવામાં આવી હતી. ત્યારબાદ આજે ગુરૂવારે ડીમોલેશન હાથ ધરવામાં આવ્યુ હતું.

કોમનવેલ્થ અને ઓલમ્પિકને ધ્યાનમાં રાખીને સાબરમતી જનપથ ત્રણ રસ્તા થી નરેન્દ્ર મોદી સ્ટેડીયમ તરફ જતા રોડ ને પહોળો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. હયાત ૧૮ મીટર રોડ છે. જેને ૬૧ મીટર કરવાનો છે. રોડ લાઈન અમલમાં અનેક કોમર્શીયલ અને રેસીડેન્સિયલ બિલ્ડીંગો આવેલી છે. રોડ પહોળો કરવા માટે મ્યુનિસીપલ કોર્પોરેશન દ્વારા કોમર્શીયલ મિલ્કત ધારકોને નોટીસ આપવામાં આવી હતી.

આજે ગુરૂવારે સવારથી પશ્ચિમ ઝોનના એસ્ટેટ વિભાગની ટીમ દ્વારા જેસીબી મશીનો સાથે ડીમોલેશનની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. સાબરમતી પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે ડીમાર્ટની સામેથી લઈને જનપથ ત્રણ રસ્તા સુધીના રોડ પર આવતી કોમર્શીયલ અંદાજે ૫૦ થી વધારે મિલ્કતોને તોડી પાડવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

હાલમાં રહેણાંક એકપણ મિલ્કતોને તોડવાનો નિર્ણય લેવામાં આવ્યો નથી, અંદાજે ૫૦૦ મીટર ના રોડ ઉપર આવતી મિલ્કતોને હાલમાં તોડવાની કામગીરી કરવામાં આવી છે. જયારે ડીમાર્ટ બાદ જે કોમર્શીયલ અને રેસીડેન્સિયલ બિલ્ડીંગ આવેલી છે તેમાં હાઈકોર્ટનો કેસ ચાલી રહ્યો છે. ત્યારે હાલમાં ત્યાં કોઈ ડીમોલેશન નહી કરવામાં આવે, આ સાથે જ સામેના ભાગે ઓફીસો આવેલી છે. જેથી તેને શીફટ કરવાની હોવાથી હાલમાં ત્યાં પણ ડીમોલેશન હાથ ધરવામાં આવશે.

# સુરતમાં ટેક્ષટાઈલ માર્કેટમાં પાણી ભરાઈ જતા વેપારીઓને કરોડોનુ નુકશાનઃ પલળેલો માલ ૭૦ થી ૮૦ ટકા ખોટ સાથે વેચવા કાઢયો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સુરતમાં વરસાદે વેરેલા વિનાશની યાદીમાંથી ટેક્ષટાઈલ માર્કેટ પણ બાકાત નથી, ખાડીપુરના પાણી સમગ્ર માર્કેટમાં ફરી વળ્યા છે. જેના કારણે વેપારીઓનો અબજો રૂપીયાનો માલ સામાન પલળી ગયો છે. દરેક વેપારી માટે તેનો માલ જ તેની ખરી મુડી હોય છે. કરોડોની કિંમતના માલ પર પુરના કાદવ કીચડવાળા પાણી ફરી વળતા હવે તેની કોઈ જ કિંમત રહી નથી. પાણીના ભાવે પણ કોઈ તેને ખરીદવા તૈયાર ન થાય,

એવા સમયે વેપારીઓએ ૭૦ થી ૮૦ ટકા જેટલી ખોટ ખાઈને પણ નુકશાની ઓછી કરવાનો પ્રયાસ કરતા જોવા મળી રહ્યા છે. વેપારીઓનુ કહેવુ છે કે પુરના પાણી




ઘુસવાથી અમને જે નુકશાન થયુ છે. તેની તો કોઈ કાળે ભરપાઈ થઈ શકે તેમ નથી, આ નુકશાનીમાંથી ખબર નથી ૫-૭ વરસે પણ બેઠા થઈ શકશુ કે નહી. આવી કફોડી સ્થિતિમાં વરાછાના શ્યામધામ ચોક પાસે આવેલી દુકાનોના વેપારીઓ પાણીના ભાવે પોતાની વસ્તુઓનો સેલ કાઢી નુકશાન ઘટાડવાનો પ્રયાસ કરી રહ્યા છે. ૨ હજાર રૂપીયાની વસ્તુ ૨૦૦ રૂપીયામાં અને ૫૦૦ રૂપીયાની વસ્તુ ૫૦ રૂપીયામાં વેચવા કાઢી છે. આવા સમયે સુરતીઓ પણ તેમની મદદે આવ્યા છે.

વેપારીઓના જણાવ્યા મુજબ ગ્રાહકોનો તેમને સહકાર મળી રહ્યો છે. અણધારી આવી ચડેલી આફતે અનેક વેપારીઓના માત્ર માલ સામાન પર નહી પરંતુ તેમના વરસોના આયોજનો પર આજે પાણી ફેરવી દીધુ છે. નજર સામે પોતાના માલને પલળતો, બગડતો જોઈને વેપારીઓને આંખે અંધારા આવી ગયા છે. કાપડોના તાકા પણ પુરમાં તણાતા જોવા મળ્યા, ત્યારે વેપારીઓ કહે છે કે એ માત્ર કાપડના તાકા નથી તણાયા, પુર તેમના સપના પણ તાણી ગયુ છે. હાલ વેપારીએ સરકાર સામે આશાભરી નજરે જોઈ રહ્યા છે કે સરકાર તેમને આ આર્થિક પાયમાલીમાંથી બેઠા થવા માટે મદદનો થોડો ટેકો કરે. ગત વરસે જયારે આજ પ્રકારે પુર આવ્યુ ત્યારે સુરતના કેટલાક સ્થાનિક ઉદ્યોગપતિઓએ મદદનો હાથ લંબાવ્યો હતો. તેમજ ટેક્ષટાઈલ માર્કેટ એસોસીએશન પણ તેમની મદદે આવ્યુ હતું. હવે જોવુ એ રહ્યુ કે વેપારીઓને કોણ મદદનો હાથ લંબાવે છે.

# મારી ભલામણ હશે તો પણ આરટીઓમાંથી લાયસન્સ નહી મળે : હર્ષ સંઘવી

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

અમદાવાદમાં રૂપીયા ૬૨ કરોડના ખર્ચે નવી આરટીઓ કચેરીનુ ગૃહરાજય મંત્રી હર્ષ સંઘવીએ ઉદ્‌ઘાટન કર્યુ હતું. આ કચેરીમાં સર્વર ડાઉનની સમસ્યા ઘટશે અને સેન્ટ્રલ એસી ડોમ જેવી સુવિધાઓ મળશે. હર્ષ સંઘવીએ કહ્યુ હતુ કે હવે કોઈની પણ ભલામણથી લાયસન્સ નહી મળે, એઆઈ સિસ્ટમ ટેસ્ટ પાસ કરનાર અને વાહન ચલાવતા આવડતુ હશે તેને જ લાયસન્સ મળશે. અમદાવાદ આરટીઓ કચેરીના ઉદ્‌ઘાટન પ્રસંગે ગૃહ રાજય મંત્રી હર્ષ સંઘવીએ એક ખુબ જ મહત્વની કડક જાહેરાત કરી હતી. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યુ હતુ કે હવેથી આરટીઓમાં કોઈની પણ ભલામણથી ડ્રાઈવીંગ લાયસન્સ ઈસ્યુ કરવામાં આવશે નહી. એટલુ જ નહી ખુદ હર્ષ સંઘવીની ભલામણ હશે તો પણ લાયસન્સ નહી નિકળે. હવે માત્ર અને માત્ર સ્માર્ટ આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સ એટલે કે એઆઈ સિસ્ટમ જેને પાસ કરશે , તેને જ ડ્રાઈવીંગ લાયસન્સ આપવામાં આવશે. વાહન ચલાવતા આવડતુ હશે તો જ નાગરીકો લાયસન્સ મેળવી શકશે, જેનાથી રોડ સેફટી વધુ મજબુત બનશે. અમદાવાદ શહેરના વાહન ચાલકો માટે આ નવનિર્મિત પ્રાદેશિક



પરીવહન કચેરી ભવિષ્યની જરૂરીયાતોને ધ્યાનમાં રાખીને તૈયાર કરાઈ છે. રૂપીયા ૬૨ કરોડના ખર્ચે બનેલા આ ભવ્ય અને અદ્યતન ભવનના કારણે જુની કચેરીની સરખામણીએ વહિવટી પ્રક્રિયા વધુ ઝડપી બનશે. આ આધુનિક કચેરી કાર્યરત થતા જ હવે હજારો અરજદારોને રોજીંદી હાલાકી અને એજન્ટોના ત્રાસમાંથી કાયમી મુકિત મળશે. આરટીઓ કચેરીઓમાં સામાન્ય રીતે જોવા મળતી સર્વર ડાઉન થવાની કે ઓનલાઈન કામ અટકી જવાની સમસ્યાઓ હવે આ નવા ભવનમાં નહિવત થઈ જશે. અહી અત્યાધુનિક ડીઝીટલ નેટવર્ક સિસ્ટમ સેટ કરવામાં આવી છે. જેથી નાગરીકોના ડીઝીટલ કામો કોઈપણ અડચણ વગર મીનીટોમાં પુરા થઈ શકે. આ નવી ટેકનોલોજીના કારણે કચેરીમાં કલાકો સુધી લાંબી લાઈનોમાં ઉભા રહેવાની સમસ્યાથી પણ જનતાને કાયમી છુટકારો મળશે.

# હિંમતનગર નગરપાલિકા વિસ્તારમાં મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મોતીપુરા સર્કલ ડેવલપમેન્ટના કામનુ કરાયુ ખાતમુહુર્ત

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર નગરપાલિકા વિસ્તારમાં મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના વર્ષ ૨૦૨૫-૨૬ અંતર્ગત મોતીપુરા સર્કલ ડેવલપમેન્ટના કામનુ ખાતમુહુર્ત ધારાસભ્યના હસ્તે કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે ધારાસભ્યએ જણાવ્યુ હતુ કે રાજય સરકાર નાગરીકોને વધુ સારી અને સુવિધાસભર શહેરી માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે સતત કાર્યરત છે. ગુણવત્તાયુકત માર્ગો શહેરના વિકાસ અને નાગરીકોની સરળ અવર જવર માટે મહત્વપૂર્ણ છે. આ વિકાસ કાર્યો પૂર્ણ થયા બાદ શહેરના લોકોને વધુ સુવિધા મળશે. તેમજ ટ્રાફીક વ્યવસ્થામાં પણ સુધારો થશે. આ કાર્યક્રમમાં હિંમતનગર નગરપાલિકા પ્રમુખ અરૂણાબેન કડીયા , જિલ્લા ભાજપ પ્રમુખ કનુભાઈ પટેલ, પૂર્વ જિલ્લા ભાજપ પ્રમુખ જે ડી પટેલ, ઉપપ્રમુખ ગોપાલસિંહ રાઠોડ, બીપીન ઓઝા, ચીફ ઓફીસર ગઢવી તેમજ નગરપાલિકાના સદસ્યો , વિવિધ વિભાગના અધિકારીઓ, આગેવાનો તેમજ નાગરીકો જોડાયા હતા.

